ઐતિહાસિક દાંડી બીચ પર સ્વચ્છતા બની ઇતિહાસ

પાણી વિનાના શૌચાલયોમાં ગંદકી-દુર્ગંધથી પ્રવાસીઓ હેરાન

દાંડી બીચની મુખ્ય સમસ્યા

- શૌચાલય છે પણ પાણી નથી
- બીચ પર હાથ પગ ધોવાની ટાંકીમાં નળ નથી
- સ્વચ્છ શૌચાલય, પીવાનું પાણી, ચેન્જિંગ રૂમ અને બેસવાની પૂરતી વ્યવસ્થા જરૂરી છે.
- બેસવાની વ્યવસ્થા નથી, ચેન્જિંગરૂમ નથી
- લાઇફગાર્ડ, ચેતવણી બોર્ડ નથી
- બીચ અને આસપાસ રાત્રે લાઇટ જ નથી

નવસારીઃ દેશના સ્વાતંત્ર્ય સંગ્રામ સાથે ઐતિહાસિક રીતે જોડાયેલા દાંડી દરિયાકિનારે ફરવા આવતા પ્રવાસીઓને હાલ પાયાની સુવિધાઓના અભાવે ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. બીચ પરના ટોયલેટ-બાથરૂમમાં પાણીનો પુરવઠો ખોરવાતા સફાઈ વ્યવસ્થા કથળી ગઈ છે અને ગંદકી સાથે અસહ્ય દુર્ગંધના કારણે પર્યટકો ત્રાહિમામ પોકારી રહ્યા છે.

દૂરદૂરથી પરિવાર સાથે દાંડી બીચની મુલાકાતે આવતા સહેલાણીઓ માટે કુદરતી હાજત સહિતની સુવિધા માટે શૌચાલય બનાવવામાં આવ્યા છે, પરંતુ પાણીના અભાવે તેનો ઉપયોગ કરવો મુશ્કેલ બન્યો છે. હાથ-પગ ધોવા માટે પણ પ્રવાસીઓને પાણી માટે આમતેમ ભટકવાની સ્થિતિ સર્જાઈ છે. બીચ પર મુકાયેલી પાણીની ટાંકીઓ અને નળ વ્યવસ્થાના અભાવે માત્ર દેખાવ પૂરતા બની રહ્યા હોવાની ફરિયાદો ઊઠી છે.

સ્થાનિક સ્તરે અગાઉ સફાઈના નામે ટોલ વસૂલાતો હતો. જોકે, ૧૨ તારીખથી આ ટોલ બંધ થયા બાદ સફાઈ તથા પાણી પુરવઠાની વ્યવસ્થા વધુ કથળી હોવાના આક્ષેપો વચ્ચે તંત્રની કામગીરી સામે સવાલો ઊઠ્યા છે. ખાસ કરીને રવિવાર અને જાહેર રજાના દિવસોમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટતા હોવાથી સમસ્યા વધુ ગંભીર બની રહી છે. ઐતિહાસિક દાંડી બીચને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાના દાવાઓ વચ્ચે જો પાયાની સુવિધાઓ જ ઉપલબ્ધ ન હોય તો પ્રવાસન વિકાસની કામગીરી સામે પ્રશ્નો ઊભા થાય છે. પ્રવાસીઓએ તાત્કાલિક પાણી પુરવઠો શરૂ કરી શૌચાલયોની સફાઈ કરાવવા તેમજ નિયમિત જાળવણીની વ્યવસ્થા ગોઠવવા તંત્ર સમક્ષ માંગ કરી છે.

નવસારી મનપામાં વિરોધ વિના ૪૯ વિકાસલક્ષી દરખાસ્તો મંજૂર

નવસારીમાં 'સુંદર શહેર' અંતર્ગત 'વેસ્ટ ટુ વન્ડર પાર્ક'ને મંજૂરી

જિ.પં. હસ્તકની ૧૭ શાળાઓનો વહીવટ મનપાની પ્રાથમિક શિક્ષણ સમિતિને સોંપવાનો નિર્ણય

'નાગરિકલક્ષી યોજના કેમ્પ' યોજાશે

એરૂ અને વિજલપોર સિવિક સેન્ટરના રિનોવેશન તેમજ રોડ, બ્રિજ અને ગ્રીન સ્પેસ પ્રોજેક્ટ્સ માટે કન્સલ્ટન્ટ એજન્સીઓની નિમણૂકનો નિર્ણય લેવાયો છે. સરકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકો સુધી પહોંચે તે માટે 'નાગરિકલક્ષી યોજના કેમ્પ' યોજાશે. નવા પદાધિકારીઓ માટે ઓફિસ વ્યવસ્થા અને ૧૫ વર્ષથી જૂના વાહનો સ્ક્રેપ કરવાની નીતિને પણ મંજૂરી મળી છે. બેઠકમાં સમિતિના સભ્યો કલ્પના ટંડેલ, ધર્મેશ પટેલ, પ્રફુલભાઈ વાંસફોડા સહિતના સભ્યોનો સહયોગ રહ્યો હતો.

નવસારીઃ નવસારી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક અધ્યક્ષ મુકેશ અગ્રવાલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. શહેરના વિકાસ અને નાગરિક સુવિધાઓ સાથે સંકળાયેલી કુલ ૪૯ વિકાસલક્ષી તથા વહીવટી દરખાસ્તોને બેઠકમાં કોઈપણ વિરોધ વિના સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. જોકે, આ ૪૯ નિર્ણયોમાં શિક્ષણ, આંગણવાડી સંચાલન, સ્વચ્છતા, ડ્રેનેજ અને રસ્તા સાથે જોડાયેલા નિર્ણયો ખાસ મહત્વના રહ્યા હતા.

જિલ્લા પંચાયત હસ્તકની ૧૭ પ્રાથમિક શાળાઓનો વહીવટ મહાનગરપાલિકા હસ્તકની શિક્ષણ સમિતિને સોંપવાનો નિર્ણય લેવાયો છે. સરદાર વલ્લભભાઈ પટેલ અંગ્રેજી માધ્યમની શાળામાં નવા શિક્ષકોની ભરતી તથા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુક આપવાની મંજૂરી આપવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારમાંથી શહેરી હદમાં સમાવિષ્ટ થયેલી આંગણવાડીઓ મનપા હસ્તક આવશે. જેના સંચાલનથી બાળકોને પોષણ, બાળ સંભાળ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણની સેવાઓ સુવ્યવસ્થિત કરવાનો હેતુ છે. શહેરની સ્વચ્છતા અને પર્યાવરણ માટે 'સ્વચ્છ અને સુંદર શહેર યોજના' હેઠળ વેસ્ટ ટુ વન્ડર પાર્ક બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. બાગ-બગીચાઓની સફાઈ માટે સેલ્ફ હેલ્પ ગ્રુપની મહિલાઓની સેવાઓ લેવાનો પણ નિર્ણય થયો છે.

નાગરિકોની પ્રાથમિક સુવિધાઓમાં સુધારો કરવા ગુરુકૃપા સોસાયટી સહિતના વિસ્તારોમાં નવી ડ્રેનેજ લાઈનો નાખવા, લુન્સીકુઈ વોટર વર્ક્સ ખાતે અંડરગ્રાઉન્ડ સમ્પ અને પંપ હાઉસ તથા દુધિયા તળાવ ખાતે ઈલેક્ટ્રિક પેનલ રૂમ બનાવવાની કામગીરી મંજૂર કરાઈ છે. ચોમાસાથી નુકસાન પામેલા રસ્તાઓના કોલ્ડ મિક્સ અને પોથોલ રિપેરિંગ મશીનથી તાત્કાલિક સમારકામ સાથે નવા સીસી રોડના કામોને પણ મંજૂરી અપાઈ છે.

છાપર ગામમાં વરસાદી પાણીના નિકાલની બેઠકમાં મારામારી

બોલાવાયેલી બેઠકમાં ટેલિફોનિક જાણ ન કરાઇ હોવાના મામલે બબાલ થતા સભા આટોપી લેવાઈ

બીલીમોરા : ગણદેવી કાંઠા વિસ્તારમાં વરસાદી પૂરના વહેણનાં અવરોધો દૂર કરવા ૫૧ સભ્યોની કોર કમિટીની રચના કરાઈ હતી. જેની રવિવારે છાપર ગામે શાળામાં બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં ટેલિફોનિક જાણ ન કરાઇ હોવાના મામલે બબાલ મચી હતી. જેને પગલે સભા આટોપી લેવાની નોબત આવી હતી.

ગણદેવી તાલુકામાં એક મહિના અગાઉ સદીનું ભયાવહ પૂર આવ્યું હતું. લોકમાતા કાવેરી, અંબિકાએ કાંઠા વટાવ્યા હતા. અને સ્થાનિક વરસાદી પાણીનો જબરદસ્ત ભરાવો થયો હતો. કાંઠા વિસ્તારમાં અનેક પરીવારએ બાળકો સાથે છત ઉપર આશરો લેવો પડ્યો હતો. જેને પગલે અનેક લોકોએ ઘરવખરી સહિત ચીજવસ્તુઓ ગુમાવી હતી. આ સમસ્યાના હલ માટે ગણદેવી તાલુકાના કાંઠા વિસ્તારનાં પુરપીડિતોએ એક સુરે પાણી સામેના અવરોધો દૂર કરવાની માંગ કરી હતી. આ અવરોધો ઝીંગા તળાવના હોય, કોઈની કમ્પાઉન્ડ વોલ હોય કે પછી ખેતરના પાળા હોય દરેક દબાણો કોઈની પણ શરમ રાખ્યા વિના દૂર કરવા સંમતિ સંધાઈ હતી. તે સાથે દરેક ગામમાંથી ત્રણ સભ્યો મળી ૫૧ સભ્યોની કોર કમિટીની રચના કરાઈ હતી. જેના નેજા હેઠળ જિલ્લા કલેક્ટર સહિત ઠેર ઠેર રજુઆત કરાઈ હતી. જે બાદ રવિવાર સાંજે કાંઠાના છાપર ગામની શાળામાં કોર કમિટીની સંકલન બેઠક યોજાઇ હતી. જેમાં ૬૦ જેટલા કાંઠાવાસીઓ હાજર હતા. આ બેઠકમાં કામગીરી અંગેનો ચિતાર રજૂ કરી આગળની કાર્યવાહી અંગે સૂચનો મેળવવાનો હતો. પરંતુ સભાના પ્રારંભે ટેલિફોનિક જાણ ન કરાઇ હોવાના મામલે મતભેદો સામે આવ્યા હતા. અને ઉગ્ર બોલાચાલી સાથે જોર અજમાઈશ, હાથાપાઈ થતા સભામાં અફરાતફરી મચી હતી. અને સભા આટોપી લેવાની ફરજ પડી હતી.

નવસારીમાં સિક્યુરિટી એજન્સીના 10 સંચાલક સામે ગુનો નોંધાયો

વગર લાયસન્સે એજન્સી ચલાવવી, તાલીમ વગરના ગાર્ડ અને વેરિફિકેશન વિના ભરતી બદલ SOGની કાર્યવાહી

નવસારીઃ નવસારી પોલીસ દ્વારા ખાનગી સિક્યુરિટી એજન્સીઓ સામે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંઘની સૂચના અને નવસારી જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ (IPS)ના માર્ગદર્શન હેઠળ SOGની ટીમોએ જિલ્લાભરમાં આકસ્મિક તપાસ કરી હતી.

SOGના પોલીસ ઈન્સ્પેક્ટર આર.એસ. પટેલે PSI આર.જી. વસાવા તથા કર્મચારીઓની ટીમો બનાવી જિલ્લામાં આવેલી સિક્યુરિટી એજન્સીઓનું ચેકિંગ કરાવ્યું હતું. તપાસ દરમિયાન એજન્સી પાસે જરૂરી લાયસન્સ છે કે નહીં, સિક્યુરિટી ગાર્ડને નિયમ મુજબ તાલીમ આપવામાં આવી છે કે નહીં તેમજ ગાર્ડના બાયોડેટા અને જરૂરી વેરિફિકેશન કરાવવામાં આવ્યા છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવી હતી.

ચેકિંગ દરમિયાન નિયમોનું પાલન ન કરતી સિક્યુરિટી એજન્સીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ કુલ 10 સિક્યુરિટી એજન્સીના સંચાલકો વિરુદ્ધ જાહેરનામા ભંગના કેસ નોંધવામાં આવ્યા છે.

કાર્યવાહીમાં નિકિતા ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી, બેસ્ટ સિક્યુરિટી એજન્સી, નવસારી સિક્યુરિટી એન્ડ પર્સનલ સર્વિસ, ગુજરાત સિક્યુરિટી સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ, રોયલ સિક્યુરિટી સર્વિસ, લાયન્સ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી એન્ડ મેનેજમેન્ટ સર્વિસ પ્રા.લિ., સૃષ્ટિ સિક્યુરિટી સર્વિસિસ, ફોર્સ-1 સિક્યુરિટી સર્વિસિસ, રામદેવપીર સિક્યુરિટી સર્વિસિસ અને ફોર્સ-11 સિક્યુરિટી સર્વિસિસનો સમાવેશ થાય છે.

ડાંગના સુબીરમાં જિલ્લા કક્ષાનો ૭૭ મો વનમહોત્સવ ઉજવાયો

પર્યાવરણ સંવર્ધન અને જળ સંચય પર ભાર આપી આર્થિક સહાય વિતરણ અને વૃક્ષારોપણ કરાયું

સાપુતારા : સુબીર ખાતે ૭૭મા રાજ્યકક્ષાના વન મહોત્સવમાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશ ગામીત અને વન સંરક્ષક આનંદકુમાર (IFS) દ્વારા 'એક પેડ માં કે નામ ૩.૦' અંતર્ગત વૃક્ષારોપણ કર્યું હતુ. વિજય પટેલે જણાવ્યું હતું કે ડાંગના આદિવાસીઓ પેઢીઓથી પ્રકૃતિ પૂજક રહ્યા છે અને તેમનું જીવન જંગલ પર આધારિત છે. પ્રધાનમંત્રીના 'એક પેડ માં કે નામ ૩.૦' અભિયાન અંતર્ગત સૌને પોતાના જન્મદિવસે વૃક્ષો વાવીને તેનું જતન કરવા અપીલ કરી હતી. ડાંગ જિલ્લામાં ૬ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વન મહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી. તેમ ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશ ગામીતે જણાવ્યું હતુ. આ કાર્યક્રમમાં ૬ લાભાર્થીઓને રૂપિયા ૪૫.૧૮ લાખના ચેક અર્પણ કરાયા હતાં. જ્યારે એગ્રોફોરેસ્ટ્રી યોજના અંતર્ગત ૨ લાભાર્થીઓને રૂપિયા ૧.૨ લાખની સહાયના ચેક અર્પણ કરાયા હતાં. વન વિભાગમાં પ્રશંસનીય કામગીરી કરનાર કર્મીઓને પ્રશસ્તિ એનાયત કરવામાં આવ્યાં હતા. નાયબ વન સંરક્ષક મુરારીલાલ મીનાએ રૂપરેખા આપી હતી. વન સંરક્ષક રાહુલ પટેલે આભારવિધિ આટોપી હતી. સુબીર તાલુકા પંચાયત પ્રમુખ સંજય પવાર, આહવા તાલુકા પંચાયત પ્રમુખ વીણાબેન ગાંગુર્ડે, સુબીરના સરપંચ યોગિતા ગાવિત, રાજવી ધનરાજસિંહ સૂર્યવંશી, પિપંરી રાજવી ત્રિકમરાવ પવાર, શાળાના વડા ફાધર અશોક વાઘેલા, ડાંગ જિલ્લા વિકાસ અધિકારી કુલદીપસિંહ ઝાલા, દક્ષિણ ડાંગ નાયબ વન સંરક્ષક નિરજકુમાર (IFS), મદદનીશ વન સંરક્ષક સર્વેમાં જેનીલ દેસાઈ (IFS), પરેશ ગાયકવાડ, આરતી ડામોર તેમજ આર.એફ.ઓ સહિતના ઉપસ્થિત હતા.

નવસારીમાં સુરેન્દ્ર ગાંધી સામે છેતરપિંડીની ફરિયાદ

રૂ.16 લાખની ફરિયાદમાં પોલીસે ઉચાપતના મૂળ સુધી પહોંચવા તપાસ તેજ કરી

નવસારી : નવસારીમાં સુરેન્દ્ર ગાંધી સામે ચાલી રહેલા કથિત નાણાકીય ઉચાપતના કેસમાં વધુ એક ફરિયાદ સામે આવતા તપાસનો વ્યાપ વધ્યો છે. અગાઉ ત્રણ ફરિયાદો નોંધાયા બાદ હવે વધુ એક ભોગ બનનાર દ્વારા આશરે 16 લાખની કથિત છેતરપિંડી અંગે રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ સાથે સમગ્ર મામલે ફરિયાદીઓની સંખ્યા ચાર થઈ છે. પોલીસે તપાસ દરમિયાન પુરાવા એકત્રિત કરવાની કામગીરી હાથ ધરી છે. અગાઉની ફરિયાદો તથા નવી રજૂઆતમાં દર્શાવાયેલા નાણાકીય વ્યવહારોમાં કોઈ સામ્યતા કે પરસ્પર કડી છે કે કેમ તેની પણ ચકાસણી થઈ રહી છે. પોલીસ દ્વારા કથિત ઉચાપતની રકમ, વ્યવહારોની પદ્ધતિ અને સંકળાયેલા લોકો અંગે પુરાવાના આધારે તપાસ આગળ ધપાવી છે. સુરેન્દ્ર ગાંધી વિદેશમાં કે અન્ય સ્થળે હોવાની શક્યતાને ધ્યાનમાં રાખીને તેને કાયદેસરની રીતે શોધી લાવવા માટે જરૂરી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. વિદેશ સંબંધિત કાર્યવાહી લાંબી અને સમય માંગી લેતી હોવાથી પોલીસ હાલ કેસના પુરાવા એકત્ર કરી તપાસને કાયદાકીય રીતે મજબૂત બનાવવામાં લાગી છે. તપાસ આગળ વધતાં આ મામલે વધુ કોઈ ભોગ બનનાર, નાણાકીય વ્યવહાર કે મહત્વપૂર્ણ દસ્તાવેજ સામે આવે છે કે કેમ તે હવે મહત્વનું બન્યું છે.

૧૦ હજારની ઉચાપત મામલે પોસ્ટ માસ્તરને ૩ વર્ષની કેદ

સુરખાઇમાં ખાતેદારના નાણાં સરકારી હિસાબમાં જમા ન કરી હંગામી ઉચાપત કરવાના ગુનામાં કોર્ટે ૨૦ હજારનો દંડ ફટકાર્યો

ઘેજ : ચીખલી કોર્ટના ન્યાયધીશ દ્વારા સુરખાઇ પોસ્ટ ઓફિસમાં દસ હજાર રૂપિયાની હંગામી ઉચાપત કરનાર બ્રાન્ચ પોસ્ટ માસ્તરને ત્રણ વર્ષની સખત કેદની સજા અને વિસ હજાર રૂપિયાનો દંડ ફટકારવાનો હુકમ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ તાલુકાના સુરખાઇ ગામની પોસ્ટ ઓફિસમાં ટપાલ વિતરક તરીકે ફરજ બજાવતા બકુલેશ ગમનભાઇ પટેલને બ્રાન્ચ પોસ્ટ માસ્તરનો હંગામી ચાર્જ સોંપવામાં આવ્યો હતો. આ દરમ્યાન ૦૯/૦૫/૨૦૧૫ ના રોજ ખાતેદાર જીવણભાઇ બહાદુર પટેલ તેમના બચત ખાતામાં દસ હજાર રૂપિયા જમા કરાવવા માટે ગયા હતા. ત્યારે તેમણે રકમ સ્વીકારી પાસબુકમાં અસર આપી, તારીખ, છાપ મારી, ટૂંકી સહી કરી પાસબુક ખાતેદારને પરત આપી હતી. પરંતુ આ નાણાંની રકમ તે દિવસે ત્યારપછી પણ સેવિંગ બેંક જર્નલ, બી.ઓ. એકાઉન્ટ અને બીઓ ડેઈલી એકાઉન્ટમાં સરકારી ખાતામાં જમા કરી હિસાબમાં લીધેલા નહીં, પરંતુ જ્યારે ખાતેદારને દસ હજાર રૂપિયાની રકમ ખાતામાં જમા થયેલી ન હોવાનું માલુમ પડતા પોસ્ટ માસ્તરનો સંપર્ક કરતા ઓગષ્ટ-૧૬ માં ખાતેદારને બારોબાર આ રકમ પરત કરી દીધી હતી. જે અંગે બીલીમોરા સબ ડિવિઝનના ઈન્સ્પેક્ટર ઓફ પોસ્ટ ઓફીસીસે ઓક્ટોબર-૧૯ માં હંગામી ઉચાપતની ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જે અંગેનો કેસ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી આવતા સરકારી વકીલ યોગેશભાઇ આર.પટેલની ધારદાર દલીલોને ધ્યાને લઇ ન્યાયાધીશ એસ.પી.દવે દ્વારા સુરખાઇ પોસ્ટ ઓફિસના તત્કાલિન બ્રાન્ચ પોસ્ટ માસ્તર બકુલેશ ગમનભાઇ પટેલને કસૂરવાર ઠેરવી ત્રણ વર્ષની સખત કેદની સજા અને વીસ હજાર રૂપિયાનો દંડ ફટકારવાનો હુકમ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત દંડ ન ભરે તો વધુ નવ માસની સાદી કેદની સજાની પણ હુકમમાં જોગવાઇ કરવામાં આવી હતી.

નવસારીમાં લાંચ લેતો પત્રકાર ઝડપાયો

સમાચાર પ્રકાશિત ન કરવા અને RTIથી મેળવેલી માહિતી દબાવવા બદલ લાંચ માંગી હતી

નવસારીઃ સમાચાર પ્રકાશિત નહીં કરવાના બદલામાં 51 હજારની લાંચ સ્વીકારવાના આક્ષેપમાં 'રૂદ્ર સંદેશ પ્રેસ' સાથે સંકળાયેલા પત્રકાર સતશંકર રામચરિત્ર મિશ્રા ઉર્ફે મુન્નાભાઈને નવસારી ACBએ ઝડપી પાડ્યો છે. આરોપીએ RTI મારફતે માહિતી મેળવી સમાચાર પ્રકાશિત નહીં કરવા 51 હજારની માંગણી કરી હતી. લાંચ આપવા ઈચ્છા ન ધરાવતા ફરિયાદીએ ACBના ટોલ ફ્રી નંબર 1064 પર સંપર્ક કરતા પોલીસ ઈન્સ્પેક્ટર સોલંકી તથા સ્ટાફે સરોવર કાઠિયાવાડી હોટેલ ખાતે છટકું ગોઠવ્યું હતું. છટકા દરમિયાન સતશંકરને 51 હજારની રકમ સ્વીકારતા ઝડપી લીધા હતા. સમગ્ર મામલે ACB દ્વારા લાંચની માંગણી, સમાચાર પ્રકાશન, RTI અરજી તથા ફરિયાદી સાથેના વ્યવહારો અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

આહવામાં જુની અદાવતમાં ભાજપનાં સભ્યો વચ્ચે બબાલ

આહવા પંચાયતના સભ્ય પર હુમલો કરનાર માજી તાલુકા પંચાયતનાં પ્રમુખ સામે ગુનો નોંધાયો

સાપુતારા : આહવામાં જુની અદાવત અને સમાધાનની બાબતે થયેલા મનદુખમાં આહવા ગ્રામ પંચાયતનાં સભ્ય રાહુલ બચ્છાવ પર જીવલેણ હુમલો કરાયો છે. આ અંગે આહવા ઈન્દિરા કોલોની ખાતે રહેતા ગ્રામ પંચાયતના સભ્ય રાહુલ બચ્છાવે આહવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ગત ૧૭ ઓગસ્ટે રાહુલ મોપેડ પર ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ પર પેટ્રોલ ભરાવવા ગયા હતા. તે સમયે ત્યાં નજીકમાં આવેલા ચિકન સેન્ટર પાસે બેસેલા તેમના મિત્ર આસિફ શાહે તેમને બૂમ પાડીને બોલાવતા રાહુલ ત્યાં ગયો હતો .દરમિયાન, આહવા આંબાપાડા વિસ્તારમાં રહેતા આહવા તાલુકા પંચાયતના માજી પ્રમુખ અને ભાજપાનાં આગેવાન નરેશ ગવળી ત્યાં આવી પહોંચી ગામમાં થતી વાતો અંગે ગાળો આપવા લાગ્યા હતા. ત્યારે રાહુલ અને તેમના મિત્ર આસિફ શાહે ગાળો આપવાની ના પાડતા, ઉશ્કેરાયેલા માજી પ્રમુખ નરેશ ગવળીએ રાહુલને ઢોર માર માર્યો હતો. ત્યારબાદ નજીકમાં પડેલો વાંસના દંડાથી રાહુલને ઓપરેશન થયેલા ભાગે સપાટો મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. હુમલા બાદ આરોપીએ આજે તો તમે બચી ગયા છો, બીજી વખત ગામમાં દેખાશો તો તમને બંનેને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. આ ઘટના બનતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને રાહુલને આહવા હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ બંને આગેવાનો ભાજપનાં જ હોય આ મામલે બંને પક્ષો વચ્ચે સમાધાનની વાતો ચાલતી હોવાથી ફરિયાદ નોંધાવવામાં વિલંબ થયો હતો. પરંતુ સમાધાન ન થતા આખરે ૨૧ ઓગસ્ટે રાહુલ બચ્છાવે આહવા પોલીસ સ્ટેશનમાં નરેશ ગવળી વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે. હાલમાં આહવા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)
CIN: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ કેઆરએમ ટાવર્સ, 8મો માળ, હેરિંગટન રોડ, ચેતપેટ, ચેન્નઈ-600031.
ફોનઃ +91 44 4564 4000 | ફેક્સઃ +91 44 4564 4022

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ

નીચે જણાવેલ દેવાદારો અને સહ-દેવાદારોએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી સુરક્ષિત લોન લીધેલ છે. નીચે જણાવેલ દેવાદારો અને સહ-દેવાદારોની લોન તેમની મિલકતો ગીરો મૂકીને સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા હોવાથી અને લોન ખાતા અનિયમિત બન્યા હોવાથી, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઈ)ની માર્ગદર્શિકા મુજબ તેમની લોનને NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને યૂરુવવાની થતી બાકી રકમો નીચેના કોષ્ટકમાં વધુ વિગતે દર્શાવેલ છે અને તે રકમ પર સંબંધિત તારીખોથી કરાર મુજબના દરે વ્યાજ પણ લાગુ પડશે.

ક્ર. નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	દેવાદારો અને સહ-દેવાદારોના નામ	કલમ 13 (2) નોટિસ તારીખ	કલમ 13 (2) નોટિસ મુજબ બાકી રકમ
1	12562678	હોમ ફાઇનાન્સ HL	1. અલ્તાફહુસૈન જી જરીવાલા 2. ઝમીરઅહમદ જી જરીવાલા	05-Aug-2026	INR 37,38,217.13/-

મિલકતનું સરનામુંઃ તમામ ક્ષેત્રફળ અને હિસ્સો ધરાવતી સ્થાવર મિલકત, વોર્ડ નં. 5, નોંધ નં. 1383/B, પેકી પૂર્વ તરફનો અડધો ચોક જેનું ક્ષેત્રફળ 30.10.06 ચોરસ મીટર છે, જેમાં ગ્રાઉન્ડ ફ્લોર બાંધકામ 21.55 ચો.મી., પ્રથમ માળ 17.56 ચો.મી., બીજો માળ 17.56 ચો.મી., ત્રીજો માળ 17.56 ચો.મી. અને ટેરેસ પર 8.78 ચો.મી. મળીને કુલ 83.01 ચોરસ મીટર બાંધકામ રહેલું છે, સાથે રસ્તામાં અવિભાજિત હિસ્સો, જે જિલ્લોઃ સુરત, સબ ડિસ્ટ્રિક્ટઃ સુરત સિટી, હરિપુરા કાસકીવાડ લત્તા, ગુજરાત રાજ્ય-395002 માં આવેલ છે. આ મિલકતની ચતુર્સીમા આ મુજબ છેઃ પૂર્વઃ રસ્તો પશ્ચિમઃ નોંધ નં. 1383-A ઉત્તરઃ ગલી દક્ષિણઃ નોંધ નં. 1367 અને 68

આથી તમને આ નોટિસના પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને કોષ્ટકમાં દર્શાવેલ રકમ, તેના પર લાગુ પડતું કરાર મુજબનું વ્યાજ અને અન્ય ખર્ચ ચૂકવવા માટે જણાવવામાં આવે છે. જો તમે આ રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેશો, તો નીચે સહી કરનાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ની બાકી રકમ વસૂલ કરવા માટે ગીરો મૂકેલી મિલકત સામે સરફેસી એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ કાર્યવાહી કરવા માટે બંધાયેલા રહેશે. વધુમાં, સદર કાયદાની કલમ 13 (13) હેઠળ તમને સદર સુરક્ષિત મિલકતનું વેચાણ, ભાડાપટ્ટે કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)
તારીખઃ 25.08.2026
સ્થળઃ સુરત

Chola
Enter a better life
ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ
કોર્પોરેટ ઓફિસઃ "ચોલા ફ્રેક્ષ", C 54 અને 55, સુપર B - 4, થીરુ વી કા ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ગિન્ડી, ચેન્નાઈ - 600032.
શાખા ઓફિસઃ ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ, યુનિટ નં. 203, લોટસ આઇટી પાર્ક, રોડ નં. 16, વાગલે એસ્ટેટ, થાણે વેસ્ટ, મહારાષ્ટ્ર-400604.

**સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002ની કલમ 13[2] હે